Extra No. 179

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 14, 2026 / ASHADHA 23, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઇ, ૨૦૨૬

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૨૦મી મે, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંકઃ જીઆર/૨૦૨૬/૪૫/ એલઇડી/બીઆરસી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૫/૨૧૯૩/એમ-૩. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

Occupational Safety, Health and Working Conditions Code, 2020

વ્યાવસાયિક સલામતી, સ્વાસ્થ્ય અને કામકાજની પરિસ્થિતિ બાબત સંહિતા, ૨૦૨૦ હેઠળ

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી મે, ૨૦૨૬

વ્યાવસાયિક સલામતી, સ્વાસ્થ્ય અને કામકાજની પરિસ્થિતિ બાબત સંહિતા, ૨૦૨૦.

ક્રમાંક: જીઆર/૨૦૨૬/૪૫/એલઇડી/બીઆરસી/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૫/૨૧૯૩/એમ-૩:- જે સંસ્થાઓ માટે ગુજરાત સરકાર, સમુચિત સરકાર હોય તેવી સંસ્થાઓના સંબંધમાં ગુજરાત રાજ્યને લાગુ પડતા વ્યાવસાયિક સલામતી, સ્વાસ્થ્ય અને કામકાજની પરિસ્થિતિ બાબત સંહિતા, ૨૦૨૦ (સન ૨૦૨૦-ના ૩૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ સંહિતા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩૪-ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સંસ્થાઓના હેતુ માટે, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને, કોલમ (૩)માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા સત્તાધિકારી તરીકે નીમે છે. આ રીતે કોલમ (૩)માં નીમવામાં આવેલા સત્તાધિકારીમાં, સદરહુ અનુસૂચિની કોલમ (૪)માં તે દરેકની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલા હકૂમતના વિસ્તાર માટે ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર તરીકેની સત્તા નીચે પ્રમાણે નિહિત થશે:-

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારીનો હોદ્દો	સતાધિકારી	હકૂમતનો વિસ્તાર
(૧)	(૨)	(૩)	(૪)
૧	અધિક શ્રમ આયુક્ત	અધિક ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર	સમગ્ર ગુજરાત રાજ્ય
૨	નાયબ શ્રમ આયુક્ત, ગાંધીનગર (H.O. - મુખ્ય કચેરી)	સંયુક્ત ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર	સમગ્ર ગુજરાત રાજ્ય
૩	નાયબ શ્રમ આયુક્ત	સંયુક્ત ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર	તેઓની હકૂમતનો સંબંધિત વિસ્તાર
૪	મદદનીશ શ્રમ આયુક્ત, ગાંધીનગર (H.O. - મુખ્ય કચેરી)	નાયબ ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર	સમગ્ર ગુજરાત રાજ્ય
૫	મદદનીશ શ્રમ આયુક્ત.	નાયબ ચીફ ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર	તેઓની હકૂમતનો સંબંધિત વિસ્તાર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પૂજા ઉપાધ્યાય,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.29 21:28:33 IST